# બગોદરા લૂંટનો મુખ્ય સૂત્રધાર બનાસકાંઠા પોલીસના સકંજામાં

પાલનપુર, તા. ૧૧

બગોદરા હાઈવે પર થયેલી આંગડીયા લૂંટ કેસમાં બનાસકાંઠા પોલીસે ડીસા પાટણ રોડ પર રેલવે ફાટક પાસેથી આ લૂંટ કેસના મુખ્ય સૂત્રધારને ઝડપી લીધો હતો. લૂંટ કેસના માસ્ટર માઈન્ડ આરોપી પાસેથી પોલીસે રૂ. ૨.૦૩ કરોડનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બગોદરા હાઈવે પર ગત-૧ જુલાઈના રોજ આંગડીયા પેઢીનો માલ ભરીને જતી આઈશર ટ્રકની સનસનાટીભરી લૂંટ થઈ હતી. જે લૂંટ કેસમાં અગાઉ બનાસકાંઠા પોલીસે ડીસા અને પાલનપુર ખાતેથી રૂ. ૪.૬૫ કરોડના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓની અટકાયત કરી ચુકી છે. ત્યારે આજે આ કેસમાં બનાસકાંઠા પોલીસે ડીસા-પાટણ રોડ પરથી લૂંટ કેસના મુખ્ય સૂત્રધાર અમરત નારણભાઈ પટેલ રહે. સાંપાવાડા, તાલુકો ચાણસ્માવાળાને ઝડપી લીધો હતો.

જેની પાસે પોલીસે સાતેક કિલો સોનુ અને ચારેક કિલો ચાંદી તથા સાડા સાત લાખ રૂપિયાની રોકડ મળી કુલ રૂ. ૨.૦૩ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું બનાસકાંઠા જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું.



## તલોદમાં કોંગ્રેસ કાર્યાલય ખુલ્લુ મુકાયું

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા મુકામે ક્રિષ્ણા પ્લાઝા પ્રથમ માળે તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કોંગ્રેસી કાર્યકરોની ઉપસ્થિતિમાં રીબીન કાપી કર્યુ હતું. જેમાં ૨ હજારથી વધારે કાર્યકરો અને ગ્રામજનો જોડાયા હતા.

આ કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, નિર્મલાબેન પંચાલ, તલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુભા ઝાલા, નરેન્દ્રભાઈ પટેલ, નીતાબેન શાહ, આશાબેન શાહ, રેખાબેન, રંજનબેન, ગીતાબેન, જોસનાબેન, માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મોહનપુરના ઠાકોર શક્તિસિંહજી મહેન્દ્રસિંહ રહેવર, રંગુસિહ સોલંકી, કાર્યકરો અને આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને અંતે મહેન્દ્રસિંહ બારૈયાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.



સમગ્ર ભારત દેશ અને વિશ્વમાં શાંતિ સ્થપાય અને પરસ્પર ભાઈચારાની લાગણી ફેલાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે પંજાબના અમૃતસરનો એક ૬૫ વર્ષીય વૃદ્ધ વર્ષ ૨૦૦૯થી સાયકલ પર ફરીને વિશ્વશાંતિનો સંદેશ ઘેર ઘેર પહોંચાડી રહ્યો છે. જે આજે ડીસા પહોંચ્યો હતો અને શહેરમાં પોતાનો સંદેશ વહેતો કર્યો હતો. દેશ અને દુનિયામાં જ્યારે કોઈ શાંતિ સંદેશનો વાર્તાલાપ ચાલતો હોય અને તે પણ જ્યારે કોઈ રાજનેતા કરતા હોય ત્યારે તેની મોટા ઉપાડે અનેકો દિવસ સુધી જાહેરાતો થતી હોય છે જોકે મોટા ભાગની આવી મંત્રણાઓનું પરિણામ શૂન્ય આવતું હોવા છતાં તેની માટે કરોડોનું આંધણ કરાઈ એક માહ તેઓ જ સદ્‌ભાવના અને શાંતિ મિશનના હિમાયતી હોય તેવો ઢોંગ કરાતો હોય છે. ત્યારે માત્ર પેન્ડલ સાયકલ લઈ પંજાબ રાજ્યના અમૃતસર જિલ્લાના નાનકડા ગામ તુંગવાલાથી વર્ષ ૨૦૦૯થી સમગ્ર ભારત દેશ અને વિશ્વમાં શાંતિ સ્થપાય અને પરસ્પર ભાઈચારાની લાગણી ફેલાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે નીકળેલા ૬૫ વર્ષીય વૃદ્ધ પરવેઝ મુખ્તાર મસીહ માત્ર ઉચ્ચારણ કરતા અને આચરણમાં નાપાસ થતા નિવેદનબાજી કરતા નેતાઓ માટે મિશાલ બની શકે છે.

# વડોદરાની નજીક અકસ્માતમાં જૈન સાધ્વીજી કાળધર્મ પામ્યા

## જૈન સમાજના ત્રણ સાધ્વીજી વડોદરાથી ગોધરાની તરફ જઈ રહ્યા હતા ત્યારે ગોધરા-કાલોલ માર્ગ ઉપર બનાવ

વડોદરા, તા.૧૧

પવિત્ર ગણાતા એવા ચાર્તુમાસ નિમિત્તે સ્થાનકવાસી જૈન સમાજના ત્રણ સાધ્વીજી વડોદરાથી ગોધરા તરફ જઈ રહ્યા હતા ત્યારે વહેલી સવારે ગોધરા કાલોલ માર્ગ પર આવેલા દેલોલ ગામ પાસે પુરઝડપે આવી રહેલા વાહનચાલકે એક જૈન સાધ્વીજીને અટફટે લેતા ઘટનાસ્થળે જ તેઓ કાળધર્મ પામ્યા હતા. બનાવની જાણ થતા જ મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો ખુલ્લા મેદાનમાં આવી ગયા હતા અને આ બનાવ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. વડોદરા નજીક બનેલા આ બનાવથી જૈન સમુદાયમાં આઘાતનું મોજુ પણ ફરી વળ્યુ હતુ. જ્યારે અન્ય બે સાધ્વીજી થોડા આગળ વિહાર કરતા હોવાને પગલે કોઈ હાનિ પહોંચી નહોતી. આ દુર્ઘટનાના પગલે જૈન સમાજમાં ગમગીનીનો માહોલ ઊભો થયો છે. આ દુઃખદ ઘટનાના પગલે જૈન સમાજમાં રોષની લાગણી પણ જોવા મળી હતી.

મળતી વિગત અનુસાર ગોધરા સ્થાનકવાસી જૈનસંઘમાં પૂ.મ.સા. ચાર્તુમાસ અર્થે વડોદરાથી ત્રણ સાધ્વીજી વિહાર કરીને ગોધરા તરફ જઈ રહ્યા હતાં જેમાં સ્થાનકવાસી ખંભાત સંપ્રાદયન પ.પૂ. મહાસતીજી પૂર્વાશાબાઈ, સુનીતાબાઈ તથા ચેતનાબાઈ હતા. તેઓ વહેલી સવારે ગોધરા કાલોલ રોડ ઉપર આવેલા દેલોલ ગામ પાસે આવેલી હોટલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને આવતા અજાણ્યા વાહન ચાલકે સાધ્વી પૂર્વશાબાઈને ટક્કર મારતા તેઓ ઘટના સ્થળે જ કાળધર્મ પામ્યા હતા. આ કરૂણમય ઘટનાની જાણ થતાં જૈન સમાજના લોકો દોડી આવ્યા હતા. કાર્યવાહી બાદ સ્વર્ગવાસ પામેલા સાધ્વીજીની પાલખીયાત્રા માટે ગોધરા લાવવામાં આવ્યા હતા. ઘટનાને પગલે જૈન સમાજમાં ગમગીની પ્રસરી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતમાં વિહાર કરતા જૈન સમાજના સાધ્વીજીને આવા અનેક વખત અકસ્માતનો ભોગ બન્યા છે જેના પગલે જૈન સમાજમાં આક્રોશ વ્યાપી ગયો છે.

## પાલનપુરમાં શિવમ એગ્રોના સંચાલક અને મેનેજર સામે ફરિયાદ

પાલનપુર, તા. ૧૧

પાલનપુર હાઈ-વે પર આવેલ શિવમ એગ્રો નામની ઈન્ડસ્ટ્રીઝમાં અગાઉ રણછોડભાઈ અરજણભાઈ આહીર રહે. રતનાલ, જી. કચ્છ વાળા ફેક્ટરીમાં ખાતર ભરવા માટે ગયા હતા. જ્યાં શિવમ એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં સોલવન્ટના ગરમ પાણીની કુંડી હતી. જ્યાં કોઈ ખતરાનું બોર્ડ માર્યુ હતુ. કોઈપણ પ્રકારનું પ્રોટેક્શન પણ ન હોવાથી રણછોડભાઈનું પડી જવાથી મોત નિપજ્યું હતું. જે અંગે તેમની પત્ની રીસાલાએ શિવમ એગ્રોના સંચાલક મહેશભાઈ શીવરામ પટેલ અને મેનેજર સમીર વિજય પટેલ સામે પશ્ચિમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાલનપુર નગરપાલિકા દ્વારા નવીન બગીચાનું ખાતમુર્હુત કરાયું

પાલનપુર, તા.૧૧

પાલનપુરના મીરાગેટની બાજુમાં આવેલા નંદનવન ખાતે નવિન બગીચો બનાવવા માટે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર શહેરમાં બગીચા ઓછા હોવાના કારણે પાલિકા દ્વારા બાળકોના રમત ગમત માટે નવિન બગીચો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. શહેરનો વિકાસ વધતા વર્તમાન સમયની ભાગદોડમાં માનવી કંટાળી જાય છે. શાંતિનો અનુભવ કરવા માટે ફુલોથી સુગંધીત બાગ બગીચાની સુવિધાનો અભાવ જણાયો હતો. તેમજ ગરમીથી ત્રસ્ત લોકો તેમજ બાળકોને ફરવા લઈ જતા માતા પિતાને બગીચાનો અભાવ વર્તાતો હતો. જેને પાલિકાના અધિકારીઓએ શહેરજનોની મુશ્કેલી દુર કરી મીરાગેટ પાસે નવીન બગીચાનું ખાત મુર્હુત કરવામાં આવ્યું હતું. ૧૨ લાખના ખર્ચે નવીન બગીચો નિર્માણ પામશે. બગીચાનું ખાતમુર્હિત પાલિકા પ્રમુખ હસમુખ પઢિયારે કર્યું હતું. આ પ્રસંગે પાલિકા ઉપપ્રમુખ અમૃત જોષી, બગીચા કમિટિના ચેરમેન પાર્થ સારથી, વિજયભાઈ જોષી, પ્રતાપભાઈ જાની, નરેશભાઈ પટેલ, ગીતાબેન, પાલિકા ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધા સહિત નગરપાલિકાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# પાટણ જિલ્લામાં વિશ્વ વસતિ દિનની ઉજવણી કરાઈ





પાટણ, તા. ૧૧

પાટણ જિલ્લામાં ૧૧ જુલાઈ ૨૦૧૩ના રોજ વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજયસભાના સભ્યશ્રી દિલીપભાઈ પંડયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પંડયા ઉપસ્થિત રહયા હતા.

પાટણ જિલ્લામાં ૧૧ જુલાઈ ૨૦૧૩ના રોજ વિશ્વ વસ્તી દિન ઉજવણીના ભાગરૂપે તા. ૧૧/૦૭/૨૦૧૩થી તા. ૨૪/૦૭/૨૦૧૩ દરમિયાન વિશ્વ વસ્તી પખવાડીયું ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૧/૦૭/૨૦૧૩ના રોજ પાટણ, સિધ્ધપુર, ચાણસ્મા અને હારીજ તાલુકાની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨/૦૭/૨૦૧૩ના રોજ રાધનપુર, સીત્તસાંતલપુર તાલુકાની ઉજવણી રાધનપુર ખાતે કરવામાં આવશે.

આ -સંગે જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં વિશ્વની વસ્તી ૬ અબજ હતી. જે વર્ષ ૨૦૧૧માં વિશ્વની વસ્તી ૭ અબજ થઈ છે. જે વસ્તી નિયંત્રણ કરવા માટે જાગૃત્તિ લાવવા આ ઉજવણી કરાઈ રહી છે.

વધુમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાની વર્ષ ૨૦૧૧ મુજબ ૧૩,૪૨,૭૪૬ છે. જેમાં પુરૂષ ૬,૯૪૦૬૨ અને સ્ત્રી ૬,૪૮,૬૮૪ છે. સેકસ રેસીયો વર્ષ ૨૦૧૧ મુજબ ૯૩૫ છે. વિશ્વમાં વસ્તીનું -માણ ખુબ જ ઝડપથી વધી રહયું છે. જે મોટી ચિંતાનું કારણ છે. વસ્તી વધારાથી દેશના વિકાસ પર માઠી અસર થાય છે. મોંઘવારી, બેરોજગારીનું -માણ વધે છે. દેશના વિકાસ માટે વસ્તી વધારા પર નિયંત્રણ રાખવું પડશે. દિકરા-દિકરીઓનો ભેદભાવ ભુલી, બેટી બચાવો, ભૃણ હત્યા જેવી -વૃત્તિઓને વેગ આપવા સમાજે આગળ આવવું પડશે, નહીતર સમાજમાં ગુનાહિત -વૃત્તિઓનું -માણ વધશે. વસ્તી વધારો અટકાવવા છેવાડાના માનવી સુધી જાગૃત્તિ લાવવા અનુરોધ કર્યો હતો.

# ઉમરેઠમાં પવિત્ર રમઝાન માસને લઈ મુસ્લીમ બિરાદરોમાં ભારે ઉત્સાહ

ઉમરેઠ, તા. ૧૧

હિન્દુ સમાજમાં જેમ શ્રાવણ માસની રાહ જોવામાં આવતી હોય છે. તેમ મુસ્લીમ સમાજ આતુરતાથી રાહ જોતા હોય તેવો પવિત્ર રમઝાન માસનો આરંભ થતા મુસ્લીમ સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પવિત્ર રમઝાન માસમાં દિવસ દરમ્યાન રોજા રાખવામાં આવે છે. અને રાત્રે ઈશાની નમાઝ પછી વધારાની તરાવીહની નમાઝ પણ અદા કરવામાં આવે છે.

મુસ્લીમ સમાજમાં અન્ય મહિના કરતા રમઝાન માસનો મહત્વ વધુ હોય છે. અન્ય દિવસોમાં સખાવતનો લાભ કરતા રમઝાન મહિનામાં સખાવતનો લાભ અનેક ઘણો હોય મુસ્લીમ સમાજ આ મહિનામાં ઉદાર હાથે દાન કરી પુણ્ય મેળવતા નજરે પડે છે. ઉમરેઠ સહિત આણંદ જિલ્લાના મુસ્લીમ વિસ્તારોમાં મસ્જીદોને રંગરોગાન કરી સુશોભીત કરવામાં આવી રહી છે. અને રાત્રે લાઈટ ડેકોરેશનથી ઝગમગાટ કરવામાં આવી છે. ઉમરેઠના વડા બજાર આણંદમાં ગુલામ નબી ગુજરાતી ચોક આંકલાવ નગરના બાબમશાપીર બાબાની દરગાહ પાસે બોરસદમાં રાજા મોહલ્લા અને પેટલાદના ઝંડા બજાર જેવા મુસ્લીમ વિસ્તારોમાં સાંજના રોજદારો ઈફતારી માટેની ચીજવસ્તુઓ ખરીદવા ઉમટી પડે છે. આ દશ્ય જોતા ખુબજ આકર્ષણ જમાવે છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૦૦ | ૯૪૩ |
| મકાઈ | ૩૦૦ | ૩૪૭ |
| એરંડા | ૬૮૫ | ૬૯૭ |
| ઘઉં | ૩૦૮ | ૩૩૫ |
| મગ | ૬૫૦ | ૯૦૦ |
| બાજરી | ૨૩૫ | ૨૯૧ |
| ગવાર | ૧૦૭૦ | ૧૨૯૫ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૫૦ | ૯૦૧ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૧૫ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૮૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૦૫ | ૩૪૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૦૫ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૮૫ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૯૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૨૫ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૪ |
| એરંડા | ૬૮૫ | ૬૯૨ |
| મગફળી | ૫૫૦ | ૮૦૦ |
| મગ | ૬૦૦ | ૯૦૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૨૫ | ૬૦૪ |
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૧૯ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૫ |
| મગફળી | ૭૦૦ | ૯૦૬ |
| ગવાર | ૧૦૮૦ | ૧૨૮૫ |
| ચણા | ૫૫૦ | ૭૮૫ |
| જુવાર | ૩૫૦ | ૩૭૧ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મગફળી | ૬૫૦ | ૮૪૪ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૯ | ૨૮૬ |
| ઘઉ | ૩૨૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૮ | ૬૯૬ |
| ગવાર | ૧૦૬૧ | ૧૨૫૪ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૦ |
| જુવાર | ૩૧૦ | ૩૮૦ |
| રાયડો | ૫૫૦ | ૬૨૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૫ | ૨૮૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૨ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૪૫ |
| મકાઈ | ૨૭૫ | ૨૯૫ |
| તુવેર | ૫૪૦ | ૬૪૦ |
| જુવાર | ૩૦૫ | ૩૭૦ |
| રાયડો | ૫૪૦ | ૬૧૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૯૦૧ |
| એરંડા | ૬૮૯ | ૬૯૬ |
| મગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૬ |
| મકાઈ | ૨૪૫ | ૨૮૫ |
| ગવાર | ૧૦૯૦ | ૧૨૯૧ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| મગફળી | ૬૫૦ | ૮૯૩ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મગ | ૬૫૦ | ૭૫૦ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| ડાંગર | ૨૭૦ | ૩૭૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| બંટી | ૩૭૫ | ૩૮૧ |
| ચણા | ૫૭૫ | - |
| ગવાર | ૧૦૮૨ | ૧૩૬૧ |
| એરંડા | ૬૮૨ | ૬૮૬ |
| જીરૂ | ૨૦૭૧ | ૨૬૮૧ |

| | | |
|---|---|---|
| વરીયાળી | ૧૦૦૦ | ૧૧૬૦ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૭૨ |
| બાજરી | ૧૭૦ | ૨૮૧ |
| એરંડા | ૬૭૫ | ૬૯૩ |
| રાયડો | ૫૮૫ | ૬૧૫ |
| રાજગરો | ૧૧૩૫ | ૧૨૬૦ |
| જુવાર | ૬૧૧ | ૬૨૧ |
| મગફળી | ૭૧૦ | ૮૭૦ |
| ગવાર | ૧૦૪૦ | ૧૫૨૬ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૫ | ૬૨૨ |
| એરંડા | ૬૬૫ | ૭૦૪ |
| ગવાર | ૧૦૧૧ | ૧૩૮૦ |
| ઘઉં | ૨૮૦ | ૩૮૦ |
| બાજરી | ૧૯૯ | ૨૭૪ |
| જુવાર | ૨૬૫ | ૬૦૯ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૨ |
| બાજરી | ૨૨૦ | ૩૧૨ |
| રાયડો | ૫૬૬ | ૬૧૮ |
| એરંડા | ૬૬૫ | ૭૦૪.૫૦ |
| જુવાર | ૩૦૦ | ૫૭૦ |
| મેથી | ૫૨૫ | - |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૩૯૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૩૯૬ | ૫૦૬ |
| ઘઉં | ૨૯૨ | ૩૬૬ |
| જીરૂ | ૨૪૨૧ | ૨૪૬૯ |
| રાયડો | ૫૭૬ | ૬૧૨ |
| મેથી | ૫૩૬ | - |
| સવા | ૬૨૧ | - |
| બાજરી | ૨૩૩ | ૩૦૬ |
| એરંડા | ૬૭૧ | ૭૦૦ |
| ગવાર | ૧૦૭૨ | ૧૩૦૦ |
| રજકાબી | ૧૬૫૦ | ૨૫૫૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૪૩ | ૨૯૩ |
| બાજરી | ૧૯૦ | ૨૮૬ |
| રાયડો | ૫૪૯ | ૫૯૬ |
| એરંડા | ૬૭૭ | ૬૮૪ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૩૦ |
| જુવાર | ૨૫૦ | ૩૭૦ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૦ | ૩૪૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૪ |
| બાજરી | ૨૩૦ | - |
| ગવાર | ૧૦૬૦ | ૧૨૬૯ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૩૫ | ૫૪૩ |
| રાયડો | ૬૦૦ | ૬૫૩ |
| એરંડા | ૬૬૦ | ૬૯૭ |
| સાસટો | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૬૫ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૬૨ |
| ગવાર | ૧૦૭૦ | ૧૨૮૬ |
| ચણા | ૫૪૦ | ૬૦૩ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૬૪૦ |
| સવા | ૬૨૫ | ૭૦૨ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૪૫ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| બાજરી | ૨૧૫ | ૨૭૦ |
| રાયડો | ૫૮૫ | ૫૯૫ |
| ડાંગર | ૨૭૦ | ૩૬૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૨૫ |
| જુવાર | ૩૩૫ | ૪૧૦ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૪૬૧ |
| વરીયાળી | ૭૫૧ | ૧૩૦૦ |
| બંટી | ૩૭૦ | ૩૭૯ |
| રાયડો | ૫૫૦ | ૬૨૧ |
| એરંડા | ૬૫૦ | ૭૦૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૯૭ |
| જુવાર | ૩૦૦ | ૬૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૯૩ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૩૦ | ૨૮૯૨ |
| વરીયાળી | ૯૮૦ | ૨૧૦૦ |
| ઈસબગુલ | ૧૨૨૧ | ૧૪૫૦ |
| સરસવ | ૬૧૫ | ૬૬૨ |
| રાયડો | ૫૯૩ | ૬૪૧ |
| તલ | ૧૯૦૦ | ૨૧૪૧ |
| સવા | ૬૨૧ | ૬૭૫ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601